## <u>અસલ હુકમનામું</u>

અસલ ફરિયાદનું હુકમનામું
(ઓ. ૨૦,કા.–૬–૭).

**દેત્રોજ ના મહે. પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.દેત્રોજ**

**રેગ્યુલર દિવાની મુકદ્મા નં ૨૦/૨૦૨૪**
**આંક : ૩૯**

**વાદી :–**

મેનેજરશ્રી,સ્ટે ટ બેંક ઓફ ઇન્ડિયા–બાન્ટાઇ શાખા,
રહે .બાન્ટાઈ,તા.દેત્રોજ–રામપુરા, જી.અમદાવાદ.

વિરુધ્ધ

**પ્રતિવાદી:–**

(૧)વિનુભા ઉર્ફે વિનુજી વિક્રમસિંહ ઝાલા
રહે .બાન્ટાઇ,તા.દેત્રોજ–રામપુરા,જી.અમદાવાદ.
(૨) કંચનબા જીવુભા સોલંકી
(૩) મણીબા જલુભા સોલંકી
નં.૨ અને ૩ રહે .બાન્ટાઇ,તા.દેત્રોજ–રામપુરા,જી.અમદાવાદ.
(૪) બાબુભા લઘુભા ઝાલા
(૫) નંદબા વિક્રમસિંહ ઝાલા
(૬) જશવંતસિંહ વિક્રમસિંહ ઝાલા
નં.૪ થી ૬રહે .બાન્ટાઇ,તા.દેત્રોજ–રામપુરા,જી.અમદાવાદ.
(૭) કાન્તાબા ઇસુભા સોલંકી
રહે .ભોયણી,તા.દેત્રોજ–રામપુરા,જી.અમદાવાદ.

---

**વાદી તરફે વિ.વકીલશ્રી– આર.એ.શાહ**
**પ્રતિવાદીઓ તરફે વિ.વકીલશ્રી– એક્સપાર્ટી**

---

**દાવો : રુા.૨,૩૬,૯૩૬/– ના આંકથી**

---

| | |
|---|---|
| **દાવા દાખલ તારીખ** | **: ૨૪/૦૧/૨૦૨૪** |
| **દાવા નિકાલ ફેસલ તારીખ** | **: ૧૮/૦૩/૨૦૨૬** |

---

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના પ્રતિવાદીઓ રહે .મુ.પો. બાન્ટાઇ, તા.દેત્રોજ–રામપુરાનાઓએ સંયુકત રીતે કે .સી.સી. લોન ધિરાણ મેળવવા અરજી કરે લ. જે અરજી અનુસંધાને આ કામના પ્રતિવાદીઓના કે .સી.સી. લોન ધિરાણ રૂા.૧,૬૦,૦૦૦/–(અંકે રૂપિયા એક લાખ સાઇઠ હજાર પુરા) તા.૨૨–૦૮–૨૦૧૬ ના રોજ મંજુર કરવામાં આવેલ અને આ કામના પ્રતિવાદીઓને નકકી થયા પ્રમાણેના વર્ષે નકકી થયા પ્રમાણેની ધિરાણની રકમ આપવામાં આવેલ અને સદર ધિરાણની પ્રક્રિયા અંગે આ કામના પ્રતિવાદીઓએ તેમની અરજી તેમજ તે સાથે આ કામના પ્રતિવાદીઓએ લેટર ઓફ એરેન્જમેન્ટ ,શાનગીરોનો કરાર, તેમજ અન્ય જરૂરી દસ્તાવેજો તેઓ વાદી બેંકને તેમની સહી /અંગુઠા કરીને વાદી બેંકની તરફેણમાં કરી આપેલ અને તે ધિરાણની રકમ આ કામના પ્રતિવાદીઓને વાદી બેંકને હપ્તાઓથી કરાર પ્રમાણે વ્યાજ સહિત ભરપાઇ કરવાની સવલત વાદી બેંક તરફથી આપવામાં આવેલી તેમજ જો આ કામના પ્રતિવાદીઓ નકકી થયા પ્રમાણેના સમયે ધિરાણની રકમ ન ચુકવે તો વધારાના કરાર મુજબ દંડનીય વ્યાજ સહિત પ્રતિવાદીઓએ વ્યાજ ચુકવવાનું રહે શે તેવું પણ પ્રતિવાદીઓ સાથે નકકી થયેલ. આ કામના પ્રતિવાદીઓએ તેમની જમીન ઉપર બોજો પણ નોંધાવી આપેલ હતો. આ કામના પ્રતિવાદીઓનું વાદી બેંકની શાખામા લીધેલ ધિરાણ અંગે ખાતા નં. ૩૬૦૨૬૧૨૯૬૦૦ થી ખાતુ ચાલતું આવેલ છે અને આ કામના પ્રતિવાદીઓ સદર ધિરાણ ચુકવવામાં તેમજ હપ્તાની રકમ ચુકવવામાં બેદરકાર રહેલ છે અને પ્રતિવાદીઓએ ધિરાણની રકમ ભરપાઇ નહી કરતા વાદી બેંકે આ કામના પ્રતિવાદીને અવાર નવાર ધિરાણ ભરપાઇ કરવા અંગે લેખિત મૌખિક જાણ કરે લ. વધુમાં વાદી બેંકે આગળ જણાવેલ છે કે,વાદી બેંકે અવાર નવાર મૌખિક તેમજ લેખિત સુચનાઓ રકમ ભરપાઇ કરવા આપેલ હોવા છતાં પ્રતિવાદીઓએ રીવાઈવલ લેટર પણ લખી આપેલ હોય/ધિરાણ પણ રીન્ટુ અલ કરાવેલ હોય છતાં વાદી બેંકની લેણી રકમ ભરપાઇ કરે લ ન હોઈ આ કામના પ્રતિવાદીઓ પાસે વાદી બેંકનું તા.૦૫–૦૧–૨૦૨૪ ના રોજની

સ્થિતિએ રૂા.૨,૩૬,૯૩૬/-(અંકે રૂપિયા બે લાખ છત્રીસ હજાર નવસો છત્રીસ રૂપિયા પુરા)નું લેણું પડે છે જે રકમ વ્યાજ સાથ વસુલ મેળવવા વાદી બેંકને હાલનો દાવો દાખલ કરવાની ફરજ પડેલ છે તેમ જણાવી વાદી બેંકએ હાલના દાવાના કામે નીચે મુજબની દાદ માંગેલ છે .

**(૨) માંગવામાં આવેલ દાદ:**

**(અ)** આ કામના પ્રતિવાદીઓએ નામદાર કોર્ટ ની હકુ મતમાં વાદી બેંકમાંથી ધિરાણ મેળવવા પ્રક્રિયા કરતાં પ્રતિવાદીઓનું રૂા.૧,૬૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ સાઇઠ હજાર પુરા) ની લીમીટનું તેઓની દાવા અરજીમાં જણાવ્યા પ્રમાણેનું વાદી બેંક દ્વારા ધિરાણ મંજુર કરવામાં આવેલ હોય અને તે મંજુર થયા બાદ નકકી થયા પ્રમાણેના વર્ષે પ્રતિવાદીઓએ વાદી બેંકમાંથી નકકી થયા પ્રમાણએનું ધિરાણ મેળવેલ હોય અને તે ધિરાણની વાદી બેંકનીતા.૦૫-૦૧-૨૦૨૪ ના રોજની સ્થિતિએ કલોઝર અમાઉન્ટ રૂા.૨,૩૬,૯૩૬ /- (અંકે રૂપિયા બે લાખ છત્રીસ હજાર નવસો છત્રીસ રૂપિયા પુરા) ની જે લેણી રકમ પડે છે તે રકમ આ કામના પ્રતિવાદીઓ વાદી બેંકને ૧૪ ટકાના ચઢે લ/ચઢતા વ્યાજ સાથે ચુકવી આપે તેવું હુકમનામા વાદી બેંકના લાભમાં તેમજ આ કામના પ્રતિવાદીઓ વિરુધ્ધ કરી આપવા નમ્ર અરજ છે .

**(બ)** જંગમ મિલકત કે જાતથી વાદી બેંક વસુલ કરી લઇએ તેવો વાદી બેંકના લાભમાં હુકમ તેમજ હુકમનામું કરી આપવા દાદ માંગેલ છે.

**(ક)** આ દાવો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવા દાદ માંગેલ છે .

**(ડ)** આ દાવાને લગતી બીજી વાજબી અને આનુસાંગિક દાદ કે દાદો વાદી બેંકના લાભમાં તેમજ પ્રતિવાદી વિરુધ્ધ અપાવવા અરજ છે .

(૨) દાવો દાખલ થતા પ્રતિવાદીઓને ધોરણસર સમન્સ કરતાં,સમન્સની ધોરણસર બજવણી થયેલ છે પરંતુ પ્રતિવાદીઓ કે તેઓના માહીતગાર વકીલશ્રી અદાલત રુબરુ હાજર રહેલ નથી કે કોઇ રીપોર્ટ રજુ કરેલ નથી.જેથી પ્રતિવાદીઓ સામે સદર કામે એકતરફી ચલાવવાનો હુકમ કરવામા આવેલ છે.

## –:આખરી હુકમ:–

(૧) વાદીનો દાવો આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે .

(૨) આ કામના પ્રતિવાદીઓઓ સંયુકત તેમજ વિભકત રીતે વાદીને રૂ.૨,૩૬,૯૩૬ /– (અંકે રૂપિયા બે લાખ છત્રીસ હજાર નવસો છત્રીસ રૂપિયા પુરા) દાવા તારીખથી સદર રકમ વસુલ આવતા સુધી વાર્ષિક ૦૯ ટકા ના દરે વ્યાજ સહ ચુકવી આપવી.

(૩) પ્રતિવાદીઓ દ્વારા વાદીની લેણી પડતી રકમ ચુકવવામાં કસુર થયેથી વાદી બેંક તેઓની લેણી પડતી રકમ પ્રતિવાદીઓની જાત તેમજ તમામ મિલ્કતમાંથી વસુલ મેળવવા હકકદાર રહે શે.

(૪) આ હુકમ થયા સુધીમાં જો પ્રતિવાદીઓએ કોઇ રકમ ચુકવેલી હશે તો તે રકમ તેને મજરે આપવાની રહેશે.

(૫) વાદીનો દાવાનો ખર્ચ પ્રતિવાદીઓએ ભોગવવો.

(૬) હુકમ મુજબ આખરી હુકમનામું દોરવું.

હુકમ આજ રોજ તારીખઃ૧૮, માહે –માર્ચ,સને–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટ નું સીલ કરી જાહેર કર્યો.

તારીખ– ૧૮.૦૩.૨૦૨૬ (હર્ષ શાંતીભાઇ રાઠોડ)
સ્થળ–દેત્રોજ પ્રિન્સીપાલ સિવિલ જજ, દેત્રોજ
કોડ નં. જી.જે.૦૧૭૭૪

।
।
।
।
।
।
।

રેગ્યુલર દિવાની મુકદ્મા નં ૨૦/૨૦૨૪

## **૦ ૦ ખર્ચનો આંકડો ૦ ૦**

| વાદીને થયેલો | | | | પ્રતિવાદીને થયેલો | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | રૂ. | પૈસા | | | રૂ. | પૈસા |
| ૧. | ફરીયાદ અરજીનો સ્ટાંપ | ૮૭૫૦/– | | ૧. | સામા દાવા ઉલટા દાવાના સ્ટાંપ | – | |
| ૨. | મુખત્યારનામાનો સ્ટાંપ | ૩/– | | ૨. | મુખત્યારનામાનો સ્ટાંપ | ૩/– | |
| ૩. | રજુ થયેલ કાગળોનો સ્ટાંપ કુલ આગળ આપ્યા પ્રમાણે | – | | ૩. | રજુ થયેલ કાગળોનો સ્ટાંપ કુલ આગળ આપ્યા પ્રમાણે | | |
| ૪. | સાક્ષીઓની ખોરાકી | | | ૪. | સાક્ષીઓની ખોરાકી | | |
| ૫. | ફરીયાદમાંના દાવા ઉપર પ્લીડરની ફી સામા દાવા ઉપર પ્લીડરની ફી | ૭૮૦/– | | ૫. | ફરીયાદમાંના દાવા ઉપર પ્લીડરની ફી સામા દાવા ઉપર પ્લીડરની ફી | ૭૮૦/– | |
| ૬. | પ્રોસેસ બજવણી | – | | ૬. | પ્રોસેસ બજવણી | – | |
| ૭. | કમિશનર ફી | – | | ૭. | કમિશનર ફી | – | |
| ૮. | તરજુમાની ફી | – | | ૮. | તરજુમાની ફી | – | |
| ૯. | નકલ ફી | – | | ૯. | નકલ ફી | – | |
| ૧૦. | મુલતવી રાખવા બદલ આપેલ | – | | ૧૦ | મુલતવી રાખવા બદલ આપેલ | – | |
| ૧૧. | વારસોને દાખલ કરવા બાબતની અરજી ઉપરનો સ્ટાંપ | – | | | | – | |
| | **કુલ** | ૯૫૩૩/– | | | **કુલ** | ૭૮૩/– | |
| | **નહીં આપેલાનો ખર્ચ** | | | | **નહીં આપેલાનો ખર્ચ** | | |

આજ તારીખ ૦૨ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

(એચ.એસ.રાઠોડ)

તૈયાર કરનાર તપાસનાર પ્રિન્સિપાલ સિવીલ જજ
આસીસ્ટન્ટ સુપ્રીટેન્ડેન્ટ દેત્રોજ
કોડ નં..જે.૦૧૭૭૪